# ABSTRACT

| | |
|---|---|
| વિદ્યાર્થીનું નામ - | અર્ચના આહીર |
| કોર્સનું નામ - | એમ.એ. |
| વર્ષ - | ૨૦૨૨ |
| શીર્ષક - | રામાયણના બાલકાંડના પુત્રેષ્ટિ યજ્ઞના આધારે સંતાનપ્રાપ્તિની યાજ્ઞિક વિભાવના |
| માર્ગદર્શકનું નામ - | ડો.જય ઓઝા |


નિઃસંતાનપણું એ સમસ્યા માત્ર આપણા દેશમાં જ નહિં પરંતુ સમગ્ર વિશ્વમાં જોવા મળતી સમસ્યા છે. તબીબી આનો પણ  V F" સ્વરૂપે ઉપાય આપે છે. પરંતુ IVF સારવાર ઘણી ખર્ચાળ અને કષ્ટદાયક હોય છે. દરેક વખતે IVF માં સફળતા મળે તેવું પણ બનતું નથી. વિજ્ઞાનની શોધ માનવજીવનની સરળતા વધારવા માટે અને તેની સુખસુવિધાઓ વધારવા માટે આશીર્વાદરૂપ બને છે. IVF પણ નિઃસંતાન દંપતિઓ માટે આશાનું કિરણ છે. પણ દરેક લોકોને આ સારવાર પરવડે તેમ નથી.

આપણા શાસ્ત્રોમાં જગતનાં તમામ વિષયોનું જ્ઞાન રહેલું છે. અને તેની પાછળ વિજ્ઞાન પણ છુપાયેલું છે. તેથી અહિં નિઃસંતાનપણું દૂર કરવામાં આપણા શાસ્ત્રો કંઈક અંશે આપણને ઉપયોગી અને તે માટે શાસ્ત્રોમાં રહેલાં સંતાનપ્રાપ્તિ માટેના ઉપાયોનું જ્ઞાન મળે અને આપણે તેનો ફાયદો લઈ શકીએ, તે માટે અહિં વાલ્મીકિ રામાયણના બાલકાંડના પુત્રેષ્ટિ યજ્ઞના આધારે સંતાનપ્રાપ્તિની યાજ્ઞિક વિભાવના વિષય પસંદ કર્યો છે. જેમાં શાસ્ત્રોમાં ખાસ કરીને પુત્રેષ્ટિ યજ્ઞ માટેના મંત્રો અને વિધિ અથર્વવેદમાં આપેલા છે તેની છણાવટ કરી અને આપણે સૌ જાણીએ છીએ કે મંત્રશક્તિમાં અદ્ભૂત તાકાત રહેલી છે. તેથી તે મંત્રો અને પુત્રેષ્ટિ યજ્ઞ વિધિવત રીતે કરવામાં આવે તો શ્રેષ્ઠ સંતાન પ્રાપ્તિ થઈ શકે છે. વળી, પુત્રેષ્ટિ યજ્ઞ અંતર્ગત યજ્ઞની વિભાવના, યજ્ઞના પ્રકારો અને યજ્ઞિય પરંપરા પાછળ છુપાયેલું વિજ્ઞાન વગેરેની ચર્ચા કરીશુ. જેના લીધે યજ્ઞ દ્વારા વિશ્વકલ્યાણ અને સાર્વત્રિક સ્વાસ્થ્ય, સંવર્ધનનો વિકાસ કંઈ રીતે થઈ શકે અને યજ્ઞ દ્વારા સ્વસ્થ અને આદર્શ સમાજ નિર્માણ કંઈ રીતે થઈ શકે તે વિશે પણ માહિતી મેળવીશું. તેથી બાલકાંડના પુત્રેષ્ટિ યજ્ઞ દ્વારા સંતાનપ્રાપ્તિ માટેની યજ્ઞિય વિભાવનાનો વિષય પસંદ કર્યો છે.